Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૦૭ • તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ મહાજન, ચાલીસગામ તીર્થ : ભગવાનનો ભવ્ય નગર પ્રવેશ



સંક્ષીપ્ત પાટલા પુજનના લાભાર્થી
**માતુશ્રી જયાબેન જવેરચંદ મોમાયા**



કુંભ સ્થાપનાના લાભાર્થી
**સૌ. રેખાબેન લલીત મોમાયા**




ભગવાનને રથમાં લઈ બેસવાના લાભાર્થી
**માતુશ્રી જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા**



માંડલા લઈને જતી બેનો



મુળનાયક શ્રી પદ્મપ્રભસ્વામિ પરિકર પધરાવનાર લાભાર્થી
પરિવાર **માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા**




ભગવાનના સારથી પરિવાર લાભાર્થી
**માતુશ્રી નવલબેન દેવજી પોલડીયા**



કેશરીયાજી આદિનાથ પધરાવનાર લાભાર્થી પરિવાર
**માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા**



**ચાલીસગામ તીર્થનું નવ સંસ્કરણ**



મુનિસુવ્રતસ્વામી પધરાવનાર લાભાર્થી પરિવાર
**માતુશ્રી લક્ષ્મીબેન લાલજી મોમાયા હ. નિશાંતભાઈ**



ગૌતમસ્વામી પધરાવનાર લાભાર્થી પરિવાર
**સૌ. દમયંતી કિશોરચંદ્ર મોતા**



મહાકાલી માતા પધરાવનાર લાભાર્થી પરિવાર
**સ્વ. યમુનાબેન ભરત શિવજી લોડાયા**



શ્રી કેશરીયાજી આદીનાથ ભગવાનનું **માતુશ્રી જયાબેન જવેરચંદ મોમાયા** પરિવારના ઘેર આગમન



શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનું **સૌ. જ્યોતીબેન નિશાંત મોમાયા** ના ઘેર આગમન



શ્રી કેશરીયાજી આદિનાથ ભગવાન, મુળનાયક શ્રી પદ્મપ્રભસ્વામીનું પરિકર, શ્રી મહાકાલી માતાનું **માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા** પરિવારના ઘેર આગમન



શ્રી ગૌતમસ્વામી ભગવાનનું **શા. રાજેંદ્ર લક્ષ્મીચંદ લોડાયાની** દુકાનમાં આગમન



ભગવાને પ્રથમ પોંખણાના લાભાર્થી **સૌ. રેખાબેન લલીત મોમાયા, સૌ. દિસીબેન અનિલ ધરમશી** (ભાંડુપ)

**પ્રતિષ્ઠા મહોત્સવ**
**૧૫-૦૨-૨૦૧૭ થી**
**૧૭-૦૨-૨૦૧૭**

# શ્રી નલિયા તીર્થના ચંદ્રપ્રભ સ્વામી જિનાલયના ૧૭૭મી ધ્વજા મહોત્સવની ઝલક














## નલિયા તિર્થે ધ્વજા મહોત્સવ

નલિયા તીર્થ ના મૂળનાયક ચંદ્રપ્રભજી સ્વામી જિનાલય, આદેશ્વર અજિતનાથ દેરાસર તથા અન્ય દેરીઓની ૧૭૭મી ધજા ઉત્સવની ઉજવણી તથા જીરાવલ્લા પાર્શ્વનાથજીની ૪૬મી વર્ષગાંઠ નિમિત્તે ધજા મહોત્સવ મહાસુદ ૫ તા. ૦૧.૦૨.૨૦૧૭ બુધવારના યોજાયેલ. સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. આ વર્ષની ધજાઓ સ્વ. શ્રી હીરજી દેવજી નાગડા તથા તેમના પૌત્ર સ્વ. શ્રી જયંતકુમાર લક્ષ્મીચંદ નાગડા પરિવારના કાયમી ધજા ફંડમાંથી બનાવેલ.

શેઠ શ્રી ના કુટુંબી શ્રી કુસુમકાંત વર્ધમાન નાગડા, ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વીરેન્દ્ર લોડાયા, નલિયા મહાજન પ્રમુખ શ્રી મુલચંદ મોતા તથા ગામવાસીઓ સોમચંદ મોતા, નરેન્દ્રભાઈ મોમાયા, રાયચંદ ડાઘા, ભદ્રીચંદ દંડ, પરેશ ખોના, નિલેશ મોતા, મહેશ નાગડા, મણિલાલ છેડા, ચંદ્રકાન્ત લાલકા, લક્ષ્મીચંદ ઘેલાણી, દિલીપ નાગડા, દીપેશ છેડા, નીતિન લોડાયા, જીતેન્દ્ર સાંયા, તથા ગામવાસીઓ, બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ. સર્વ જ્ઞાતિજનો ની હાજરીમાં ધામ ધૂમથી ધજા ચડાવામાં આવી.

શેઠ શ્રી નાથા ટ્રસ્ટ દ્વારા સાધર્મિક ભક્તિ જમણવાર રાખવામાં આવ્યું હતું. શેઠ શ્રી ના કુટુંબ દ્વારા લાણી કરવામાં આવેલ.

**અભિપ્રાય : સમસ્ત મહાજનનું કેલેન્ડર**

પ્રકાશ સમીક્ષા ના અંક ૦૪ તા. ૨૩ થી ૨૯ જાન્યુઆરી ૨૦૧૭ ના અંક સાથે સમસ્ત મહાજનનું ''કેલેન્ડર'' મળેલ છે તે સારી વાત છે.

સમસ્ત મહાજન તરફથી પાછલા વરસોથી કેલેન્ડર છપાવીને બધા ગામોમાં મોકલાતું હતું. તેની પાછળ સમય અને નાણાનો અપવ્યય થતો હતો.

એમ તો આજકાલ બધા પેપરવાળા નવા વરસનું કેલેન્ડર આપે જ છે તેમજ આપણને તીથીની માહીતી માટે દર વરસે ''પંચાગ'' મલે જ છે તેમાં તારીખ પણ હોય છે.

બોર્ડમાં નક્કી થયા પ્રમાણે પ્રકાશ સમીક્ષામાં કેલેન્ડર મુકેલ છે તે યોગ્ય છે. નકામા-નાણા અને સમય વેડફી કેલેન્ડર છપાવવાનો કાઈ જ અર્થ નથી.

આવા કેલેન્ડરમાં ભવિષ્યમાં અક્ષરો-તારીખ જરા મોટા બોલ્ડ અક્ષરમાં આવે તો વધુ સારૂં. એકંદરે આ ઠીક છે.

**- જયંત મેઘજી લોડાયા,** આકોલા

**KDO** અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ


## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૯.

### 'અનંત છાયા' નૂતન ત્રિશિખરીય દેરાસરજી અંજનશલાકા તથા પુનઃ પ્રતિષ્ઠા/પ્રતિષ્ઠાના ચડાવા

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સંચાલિત **'અનંતછાયા'** ઘાટકોપર (પૂર્વ) સ્થિત શ્રી અનંતનાથજી ગૃહ ચૈત્યના સ્થાને નિર્માણાધીન નૂતન ત્રિશિખરીય દેરાસરજીની પ્રતિષ્ઠા નિમિત્તે અંજનશલાકા તથા પુનઃપ્રતિષ્ઠા / પ્રતિષ્ઠાના બાકી રહેલા મહત્વના ચડાવા **શુક્રવાર, તા. ૨૪-૨-૨૦૧૭ના સવારના ૯.૦૦ વાગ્યાથી લાયન્સ કમ્યુનીટી હૉલ, પ્લોટ નં. ઈ-૯૩, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭** મધ્યે લેવામાં આવશે. સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે.


**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ**



### અંજનશલાકા તથા પુનઃપ્રતિષ્ઠા / પ્રતિષ્ઠાની તારીખો

**વિ.સં. ૨૦૭૩ ચૈત્ર વદ-૫ ને શનિવાર તા. ૧૫-૪-૨૦૧૭ થી**
**વિ.સં. ૨૦૭૩ ચૈત્ર વદ-૧૨ ને શનિવાર તા. ૨૨-૪-૨૦૧૭.**

**દીક્ષા મહોત્સવ શનિવાર, તા. ૨૨-૪-૨૦૧૭**



**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા



**અંક નં. 07/2017**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# અનંતછાયાવાસીઓએ હક્કો મેળવ્યા, હવે જ્ઞાતિ પ્રત્યેની ફરજોનું ધ્યાન રાખે

અનંતનાથ ટ્રસ્ટની વેચાણ થયેલ ઘાટકોપરમાંની મિલકત અનંતછાયાનું રીડેવલપમેન્ટ પૂર્ણ થઈ ત્યાંના ભાડૂતોને માલીકી હક્કના ઘર સોંપાઈ ગયા છે.

એ સાથે ત્યાંના દેરાસરજીનું કામ ચઢતા ભાવ સાથે આરંભાયું છે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જીવીસી (ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેંબુર) સંઘની લાગણીને માન આપીને એ દેરાસરમાં તેમનો અગ્રભાગ સ્વીકાર્યો છે. નોંધપાત્ર વાત એ છે કે આ દેરાસર અનંતછાયાવાસીઓના આગ્રહને ધ્યાનમાં રાખીને નવનિર્માણ પામ્યું છે, તેથી તેની ગરિમા જાળવવાની ફરજ પણ તેમની રહેશે.

મુંબઈભરમાં રીડેવલપમેન્ટ પ્રોજેક્ટો સમયસર પૂર્ણ થતા નથી અને તેમાં જે સુવિધાઓ મળે તે ભાડૂતોની અપેક્ષાઓએ ભાગ્યે જ ખરી ઉતરે છે. આ કેસમાં રીડેવલપમેન્ટનું કામ સમયસર પૂર્ણ થયું છે એટલું જ નહીં ભાડૂતોની અપેક્ષા કરતા સવાઈ સુવિધાઓ મળી છે. જ્ઞાતિ અને અનંતનાથજી ટ્રસ્ટ પણ રીડેવલપમેન્ટમાં ભાડૂતોના હિતો જળવાશે કે નહીં એવી ચિંતામાંથી મુક્ત થયા છે.

આવા સમયે અનંતછાયાના રીડેવલપમેન્ટ શરૂઆતમાં સેવાયેલી એક ભીતિ ફરી કાર્યસૂચિ પર મુકાય છે. તે એ છે કે આટલું બધુ થયા બાદ ભાડૂતો પોતાના અંગત કારણોસર અન્યોને ફ્લેટ વેચીને ચાલ્યા જશે અને જ્ઞાતિના દેરાસર પાસે જ્ઞાતિની વસતિ માત્ર નામપુરતી રહી જશે તો ? એટલે વેચવાની છૂટ હોય પણ માત્ર જ્ઞાતિજનોને એ વાત અનંતછાયાવાસીઓએ સ્વેચ્છાએ સ્વીકારવી જોઇએ એવી અપેક્ષા જ્ઞાતિનો સમજદાર વર્ગ રાખે છે.

હવે જ્યારે રિડેવલપમેન્ટ થઈ ગયું છે અને મૂળ ભાડૂત હતા તેઓની સોસાયટી રચવાની વાત કાર્ય સૂચિ પર આવી છે ત્યારે આ વાત અંગે જ્ઞાતિ અને ખાસ કરીને અનંતછાયાની ધરતી પર નવનિર્મિત દેરાસરજીની ગરિમાને કેન્દ્રમાં રાખીને ચર્ચા-વિચારણા થવી જોઇએ અને યથાયોગ્ય નિર્ણય લેવાવા જોઇએ.

આશા રાખીએ કે અનંત છાયાના મૂળ ભાડૂતોએ ભાડૂતો તરીકેના પોતાના તથા રીડેવલપમેન્ટના ભાગરૂપે મળનારા મિલિકી ધોરણના કાયમી વૈકલ્પિક રહેઠાણના હક્કનું જેમ સદા જાગૃતપણે સંરક્ષણ કર્યું છે તેમ જ્ઞાતિ પ્રત્યેની પોતાની ફરજ સમાન માલિકી ધોરણે ઘર મેળવનારા સ્વેચ્છાએ અન્યને ઘર ન વેચે એવી કલમ સોસાયટીના બાય લોઝ (પેટા નિયમો)માં મૂકવાની વાત સ્વીકારી જ્ઞાતિનું ઋણ ચૂકવે.

## યુવા પેઢીને કેળવવા ક.દ.ઓ. સ્વયંસેવક દળ તથા યુવા એક્સચેંજ

જો સમુદાયને તૂટતો બચાવવો હશે તો યુવા પેઢીની નિકટતા વધારવી પડશે અને તેમને સહજીવનની તાલીમ આપવી પડશે.

ક.દ.ઓ. જ્ઞાતિમાં સ્વયંસેવક દળ રચવાના પહેલાં ઘણા પ્રયાસો થયા હતા અને તેના ઘણા સારા પરિણામો આવ્યા હતા. એ નિમિત્તે મળેલા આજે દાયકાઓ પછી પણ પોતાના સારા મિત્રો છે એટલુંજ નહીં આવી રીતે મળવાથી ગોઠવાયેલા લગ્નો પણ સફળ રહ્યા છે.


થોડા સમય પહેલાં તિલકભાઈ લોડાયાએ યુવા એક્સચેંજની પ્રવૃત્તિ કરી નવી આશા જગાવી હતી પણ કોણ જાણે કેમ એક દાયરામાં રહેવા દેવાયેલી જ્ઞાતિ સંસ્થાઓએ આ સારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું નહીં ને વાત ત્યાંજ અટકી.

બધા નેતાઓને વિનમ્ર અનુરોધ કરવાનો કે યુવા પેઢી વચ્ચે નિકટતા લાવવા અને તેમને કેળવવા સ્વયંસેવક દળ ઊભું કરે. આ પ્રવૃત્તિનો વધુ એક ફાયદો એ પણ રહેશે કે યુવતિઓને આત્મરક્ષણની તાલીમ આપી તેમનામાં આત્મવિશ્વાસ જગાવી શકાશે.

**- રતિલાલ વાલજી ખોના,** નલિયા - માટુંગા

## મોક્ષ માર્ગની સાધનાનો રાજમાર્ગ જૈન સાધુત્વનો સ્વીકાર

જૈન ધર્મમાં સાધુપદનો અચિંત્ય મહિમા ગવાયો છે. સંસારની સર્વ કામનાઓ છોડી મોક્ષમાર્ગની સતત સાધના કરનાર સાધુભગવંતોને એટલે જ મહામંત્રના પાંચમા પદે 'નમો લોએ સવ્વ સાહૂણ' કહીને નમસ્કાર કરવામાં આવ્યા છે. સાધુપદનો મહિમા ગવાતાં એથી જ કહેવાયું છેઃ



**સાધુનાં દર્શન પુણ્યં, તીર્થભૂતા હિ સાધવઃ । તીર્થં ખલતિ કાલેન, સદ્યઃ સાધુસમાગમઃ ।।**

જંગમ તીર્થરૂપ સાધુભગવંતનાં દર્શનથી પુણ્યોપાર્જન થાય છે. સ્થાવર તીર્થ કરતાં પણ તરત ફળ આપનારા સાચા જંગમ તીર્થનો મહિમા મોટો છે.

ભગવાન મહાવીરના નિર્વાણને અઢી હજાર વર્ષ કરતાં પણ વધુ વર્ષ થયા છે. એમ છતાં તેમનું શાસન આજે પણ અવિચ્છિન્ન અને અખંડિત રીતે ચાલી રહ્યું છે એની પાછળ જૈન સાધુઓનું મોટું યોગદાન રહ્યું છે એ નિઃસંદેહ છે.

જૈન સાધુઓના આચાર વિશે જેટલો સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવ્યો છે એટલો સૂક્ષ્મ વિચાર અન્ય ધર્મમાં કરવામાં આવ્યો નથી. જૈન સાધુઓ પંચમહાવ્રતધારી કહેવાય છે આ પાંચ મહાવ્રત આ પ્રમાણે છે : (૧) પ્રાણિતિપાત વિરમણ વ્રત (અહિંસા), (૨) મૃષાવાદ વિરમણ વ્રત (સત્ય), (૩) અદત્તાદાન વિરમણ વ્રત (અસ્તેય), (૪) મૈથુન વિરમણ વ્રત (બ્રહ્મચર્ય) અને (૫) પરિગ્રહ વિરમણ વ્રત (અપરિગ્રહ).

જૈન સાધુઓ પોતાનાં પાંચ મહાવ્રતને અનુરૂપ ચારિત્રનું ઘડતર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન વડે કરે છે. સમ્યક્ પ્રવૃત્તિ કે એકાગ્ર પરિણામવાળી સુંદર ચેષ્ટાને સમિતિ કહેવાય છે. એના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઈર્યા સમિતિ, (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ, (૪) આદાન નિક્ષેપ સમિતિ અને (૫) પરિષ્ઠાયનિકા સમિતિ.

જેનાથી અનિષ્ટ સંપર્ક અને અનિષ્ટ પરિણામ અટકાવી શકાય એને ગુપ્તિ કહે છે. એના પ્રકારો આ પ્રમાણે છે : (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કામગુપ્તિ.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.






**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જૈન ધર્મમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને પાંચ પરમેષ્ઠી તરીકે ઓળખાવવામાં આવે છે. આ પંચ પરમેષ્ઠીના કુલ ૧૦૮ ગુણ દર્શાવતાં કહેવાયું છે :

**બાર ગુણ અરિહંતના, પ્રણમીજે ભાવે સિદ્ધ આઠ ગુણ સમરતા, દુઃખ દોહગ જાવે આચરણ ગુણ છત્રીસ, પચવીસ ઉવજઝાય સત્તાવીસ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય અસ્ટોત્તર શત ગુણ મળી, એમ સમરો નવકાર ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર.**



શ્રી પંચ પરમેષ્ઠીના આ ૧૦૮ ગુણોમાંથી સાધુના ૨૭ ગુણો આ પ્રમાણે છે : (૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ, (૬) રાત્રિભોજન વિરમણ, (૭) પૃથ્વીકાયની રક્ષા, (૮) અપકાયની રક્ષા, (૯) તેઉકાયની રક્ષા, (૧૦) વાયુકાયની રક્ષા, (૧૧) વનસ્પતિકાયની રક્ષા, (૧૨) ત્રસકાયની રક્ષા, (૧૩) સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ, (૧૫) ઘ્રાણેન્દ્રિયનો નિગ્રહ, (૧૬) ચક્ષુન્દ્રિયનો નિગ્રહ, (૧૭) શ્રોતેન્દ્રિયનો નિગ્રહ, (૧૮) લોભ નિગ્રહ, (૧૯) ક્ષમા ધારણા, (૨૦) ચિત્તની નિર્મલતા, (૨૧) વસ્ત્રાદિકનું પડિલેહણ, (૨૨) સંયમયોગમાં પ્રવૃત્તિ, (૨૩) અકુશવચનનો નિરોધ, (૨૫) અકુશલકાયાનો નિરોધ, (૨૬) પરિષહો સહન કરવા અને (૨૭) મરણાદિક ઉપસર્ગો સહન કરવા.

જૈન સાધુઓ અપરિગ્રહી હોવાથી છત્રી, બૂટ ચંપલ, છરી, કાતર ઈત્યાદિ કશું જ વાપરતા નથી. તેઓ વાહનનો ઉપયોગ કરતા નથી. ચાતુર્માસ સિવાય એક સ્થળે તેઓ રહેતા નથી. એના પણ નિયમો હોય છે. ઉઘાડા પગે પાદવિહાર એ જૈન સાધુનું એક અત્યંત મહત્ત્વનું લક્ષણ છે. ઝડપી વાહનોના વર્તમાન યુગમાં પણ સાધુઓ પાદવિહારમાં પોતાનો કાર્યક્રમ તરત ગોઠવી શકે છે. વિહારથી આરોગ્ય સારું રહે છે અને વિશાળ જનસંપર્કમાં રહેવા છતાં કોઈ સ્થળ, સંઘ કે વ્યક્તિ પ્રત્યે રાગદ્વેષ થતા નથી. સંયમ માટે, બ્રહ્મચર્યના પાલન માટે પણ જંઘાશ્રમપૂર્વક થતો પાદવિહાર ખૂબ ઉપયોગી છે. વિહારમાં ઊંચકી શકાય એટલી જ વસ્તુઓ રાખવાની હોવાથી પરિગ્રહ પણ પરિમિત બની જાય છે.

સાધુભગવંતનું સ્વરૂપ દર્શાવતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'પંચ પરમેષ્ઠિ ગીતા'માં લખ્યું છે :

**કલેશ નાશિની દેશના, દેત ગણે ન પ્રયાસ અસંદીન જિમ દ્વિપ તથા ભવિજન આશ્વાસ તરણ તારણ કરુણા પર જંગમ તીરથ સાર ધન ધન સાધુ સહુંકરા, ગુણમહિમા ભંડાર**

શ્રીમદ્ રાજચંદ્રે પણ સાધુત્વનો મહિમા ગાતાં પોતાના હૃદયનો ઉત્કૃષ્ટ ભાવ ભાવતાં લખ્યું છે :

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.**

જૈન ધર્મ સાધુઓનો આદર્શ ઘણો ઊંચો રાખ્યો છે. દુનિયાના વિવિધ ધર્મોમાં ગૃહસ્થજીવન છીડીને સાધુનો વેશ ધારણ કરી ત્યાગમય જીવન જીવનારા ઘણા છે, પરંતુ જે રીતે જૈન સાધુઓ પોતાનું દીક્ષિત જીવન જીવે છે એની તોલે દુનિયામાં કોઈ ન આવી શકે. અંતરમાં સાચી દૃઢ શ્રદ્ધા અને મોક્ષભિલાષા ન હોય તો આવા કષ્ટભર્યા સાધુજીવનનો સ્વીકાર ન થઈ શકે. એટલે જ કહેવાયું છે કે 'સ્વપરહિતં મોક્ષાનુષ્ઠાનં વા સાધયતિતિ સાધુઃ' અર્થાત્ જે સ્વહિત, પરહિત કે મોક્ષનું અનુષ્ઠાન સાધે તે જ સાધુ. આ વ્યાખ્યાને સાર્થક કરનારા આપણા પંચ પરમેષ્ઠીના પાંચમા પદે બિરાજમાન એવા ઉપકારી શ્રમણભગવંતોને કોટિ-કોટિ વંદના.

**- ચીમનલાલ કલાધર**, 'મિડ-ડે'માંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**



|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા

**099798 55686**

### દાંપત્યજીવનના રજતોત્સવે કૌટુંબિક તીર્થ યાત્રા !!




કચ્છ સાંયરાના માતુશ્રી કુંવરબાઈ હીરજી હેમરાજ મોમાયા, હુબલીવાલાના કૂળદીપક ચિ. સોનલ તથા અજયભાઈના લગ્ન જીવનના ૨૫ વરસ ધાર્યા કરતાં સવાયા સુખદ જતાં સલુણાં શ્રાવક ધર્મને સાર્થક કરવા પરિવારજનોને તીર્થાટન કરાવવાના રૂડા ભાવ, ધર્મિકતાએ રંગાયેલ સોનલ બહેનને થયા. ખૂબ વિચારને અંતે ત્રણે દિવસનો યાત્રામાં તારંગા, આગલોટ, મહુડી, શંખેશ્વર, વિજાપુર, પાટણ, સેરીસા વગેરે તીર્થોની પસંદગી થતાં યાત્રીકો જોડાયા. યાત્રા દરમ્યાન સૌ યાત્રીકોની રહેવા, જમવા, સેવા, પૂજા, ભાવના, વાહન અને અંગત માવજતે સોનલબેન ''સોનલ'' સાબીત થયા ચાર વરસી તપારાધકોની શ્રેષ્ઠ વૈયાવચ્છ રહી. હર જિનાલયે અષ્ટ પ્રકારી પૂજાના થાળ ધરાયા. શંખેશ્વર પાર્શ્વનાથ તથા તારંગામાં અજીતનાથ પ્રભુની પ્રથમ પૂજાનો ચઢતા પરિણામે લાભ લઈ સુકૃત કર્યું. આરતી મંગલ દીવામાં સૌ જોડાયા સૌને ૫૦૦/- રૂા. થી વધુ પ્રભાવના થઈ !

આયોજકો, માન, સન્માનથી વંચીત રહી, સૌને માન આપી શ્રેષ્ઠ સ્વામીભક્તિ કરી સૌના મનકે આદરનું આસાન બીછાવ્યું લગ્ન સાથે ઘણાં પ્રસંગોને યાદ કરી. આ સુકૃતની ખોબલે અનુમોદના કરાઈ. હોટેલ-પાર્ટી-ડાન્સ વગેરેને બાકાત કરી આવા આલ્હાદાયક આયોજને ઝૂકી તો જવાય ને ?

યાત્રિક – **ઉર્મીલા જીતેન્દ્ર લોડાયા**

રજુઆત – **લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડુપ

### મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી - વૉર્ડ ૧૦૭

મુલુંડ – મુંબઈના વૉર્ડ ક્ર. ૧૦૭ના સમજદાર મતદારોને આગ્રહભરી વિનંતી કે તેઓ સુશિક્ષિત જૈન ઉમેદવાર **શ્રીમતી વૈશાલી વિરલ શાહ**ને જ પોતાનો મત આપે. એમનું પ્રતિક **મિણબત્તી**. ચૂંટણીની તા. ૨૧ ફેબ્રુ.

સૌજન્ય : **ભરત હંસરાજ પરબત ડાઘા અને હિતેચ્છુઓ**

### લક્ષ્મીચંદ ગાંગજી નાગડાની શ્રધ્ધાંજલિમાં ભૂલસુધાર

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૬ના ૬ થી ૧૨ ફેબ્રુઆરીના છેલ્લા પાન કલરમાં છપાયેલ સ્વ. લક્ષ્મીચંદ ગાંગજી નાગડાની શ્રધ્ધાંજલિમાં ભાઈ-ભાભી : લક્ષ્મીબેન ઉમરશીના નામ સામે સ્વ. તથા અ.સૌ. પુષ્પાને બદલે **ગં.સ્વ. પુષ્પા** એમ વાંચવું.


## ''અનંત સિધ્ધી'' ભાંડુપ

## ''શ્રી નરસી નાથા સભાગૃહ'' બેન્કવેટ હૉલ,

**મોનોપોલી, બુકીંગ, કેટરીંગ તથા ડેકોરેશન માટે**

**ફક્ત**

**ANOKHEE**

CATERING & DECORATION

**સંપર્ક : અશોક શામજી ખોના**

**મો. 093210 10180 • ઑફીસ : 022 - 2595 9761**

***આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.***

**નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.**

# સેવેલું સ્વપ્ન થયું સાકાર

દૂધ મેં ચાવલ મીલે ઉસે ખીર કહેતે હૈ
અંતરકી પ્યાસ બુજાએ ઉસે નીર કહેતે હૈ
સમીર નાગડા જૈસા દોસ્ત મીલજાએ
ઉસે હમ હમારી તકદીર કહેતે હૈ...

અનંત છાયા Redevelopment માં પાયાનો પથ્થર, જો કોઈ હોય તો એ છે શ્રી સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા (નલીયા) ખુબજ ટુંકા સમયમાં બિલ્ડર શ્રી મુકેશભાઈ દોશી અને કૌશલભાઈ દોશીના સથવારે સૌ અનંતછાયા વાસીઓનાં નવા ઘરના સ્વપ્નને સાકાર કરીને સમીરભાઈએ એક સુંદર ઈતિહાસ રચ્યો છે. અમે સૌ તેમનો આભાર માનીએ છીએ ને અભિનંદન પાઠવીએ છીએ.




## શ્રી ઉદય મોતા અને અનંતછાયાની કમીટી મેમ્બરોનો
## ખુબ ખુબ અભિનંદન...

**લી.**

* શ્રી કીરીટ કુંવરજી કુરૂવા - ગોધરા
* શ્રી રાયચંદ વિશનજી લોડાયા - આરીખાણા
* શ્રી શૈલેષ રતનશી શાહ - નલીયા
* શ્રી મુલચંદ જવેરચંદ નાગડા - પરજાઉ
* માતુશ્રી નવલબાઈ જવેરચંદ મોમાયા - વરાડીયા
* શ્રી મધુકાન્ત હીરજી લોડાયા - સુથરી
* માતુશ્રી હીરાબાઈ ગુલાબચંદ મોમાયા - વરાડીયા

UPASANA - 9820167767

## માંડલ ૩૬૬મી ધ્વજા લહેરાઈ


માંડલ શ્રી અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતાંબર જૈન સંઘનું ૪૦૦ વરસથી પણ વધુ પૌરાણીક ઈતિહાસ ધરાવતું ક્ષેત્ર છે. આ ધરા ઉપર વસ્તુપાલ તેજપાલનો જન્મ થયો હતો. આ.ભ. જયાસિંહસૂરિશ્વરજી મ.સા., કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા. તથા ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચરણોની પાદ ૨૪ આ ગામ ઉપર પડી છે.

વિહારે વિચરંતા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સા. શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા. તથા પૂ.સા.ભ. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા રત્ન પ.પૂ. સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અહીં પધારતાં માંડલવાસીઓ ગુરૂભક્તિએ ઘેલા થઈ ભવ્યાતિભવ્ય નગર પ્રવેશ કરાવી માંગલીક ફરમાવતાં ગુરૂપૂજન ૨૫૦૦૦ મણ (૫, રૂા. મણ) થયું. સંઘપૂજન ૫૦૦ રૂા. થયું.

૩૬૬મી ધ્વજા પ્રસંગ ચિરંજીવ રહ્યો. અષ્ટ પ્રકારી પૂજાનો લાભ એક લાખ મણમાં માતુશ્રી ભારતીબેન લીલચંદ દોશી પરિવાર લીધો. અહીં ત્રણ ગચ્છનો ગરવો સંઘ છે. મણીભદ્રવીર પૂજન ૩૦૦૦૦ મણમાં શ્રી સંઘે લાભ લીધો સાહેબજીના ઉપદેશે ક્ષણભરમાં જ પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વર મ.સા. ના વંદનાર્થે અને પ્રતિષ્ઠા મહોત્સવે ૪૦૦ જણ ૬ બસમાં ગયા. કચ્છ અને પાલીતાણાના ચા.-મા. ચાર ચાર વખત વિનંતી કરી ગયા.

આમ અચલગચ્છ સંઘનો પૂજ્યશ્રીએ ડંકો વગાડી. ઉપાશ્રય નિર્માણમાં પણ વેગ આપ્યો.

**– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ


આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232


**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

**સેવેલું સ્વપ્ન થયું સાકાર**

અનંતનાથ દાદાની શીતલ છાયા જેના શિરે
મહાકાલીમાની અનરાધાર કૃપા જેના શિરે
અચલગચ્છાધિપતિશ્રીજીના આશિષ જેના શિરે
માતા સરલાબેનનો મમતાભર્યો હાથ જેના શિરે
તે છે સૌના લાડીલા શ્રી **સમીરભાઈ નાગડા**



નુતન અનંતછાયા ઝડપભેર તૈયાર થવા બદલ અંતરના અભિનંદન સાથે શાસન દેવો પાસે પ્રાર્થના આપ દિર્ઘાયુ બનો, સ્વસ્થ જીવન જીવી ગચ્છ શાસનનાં અનેક કાર્યો કર્યા.

લી. **Classic કેટરર્સ**
રાજેન લહેરચંદ લોડાયા : મુકેશ લક્ષ્મીચંદ શાહ

UPASANA - 9820167767

## પત્નીએ હેરાનગતિ ભોગવી પતિનો દરેક સંજોગમાં સાથ આપવો એ આગ્રહ કેટલો સાચો !

કંઈ જાણ્યા સમજ્યા વિના બીજા લોકોની દયા ખાતા લોકોનો આ દુનિયામાં તોટો નથી. દાખલા તરીકે, વૃદ્ધ મા-બાપ એકલાં રહેતા હોય તો એવું કહેવાય, 'અરેરે, બિચારાંને ઘરડે ઘડપણ છોકરાં રાખતાં નથી'. એ લોકો પોતાની મરજીથી એકલાં, સ્વતંત્ર રહે છે અને બહુ સુખી છે, એ કેમ અમુક જણાને ગળે નહીં ઉતરતું હોય ? દયા ખાવાની આપણી ટેવ જીવતા જાગતા માણસો જ નહીં, કથા પુરાણોમાં આવતાં પાત્રો સુધી પહોંચે છે.




હમણાં એક બહેન મળ્યાં. રામાયણમાં આવતાં ઉર્મિલાના પાત્ર વિશે એ કોઈ લેખ વાંચીને આવેલાં. એના આધારે એમણે શરૂ કર્યું, 'રામાયણમાં આવતાં ઉર્મિલાના પાત્ર વિશે એ કોઈ લેખ વાંચીને આવેલાં. એના આધારે એમણે શરૂ કર્યું, 'રામાયણમાં પતિ રામ સાથે વનવાસ ગયેલી સીતા વિશે તો આપણે ઘણું સાંભળ્યું છે, પણ લક્ષ્મણની પત્ની ઉર્મિલાનું શું ? ખરો વનવાસ તો અને મળ્યો જેણે બિચારીએ છતે પતિએ, રાજમહેલમાં એકલાં રહેવું પડ્યું વગેરે વગેરે.

ઉર્મિલા વિશે આ પ્રકારની સહાનુભૂતિ મેં આ પહેલાં પણ સાંભળી છે, વાંચી છે, વર્ષો સુધી મને પણ ખરેખર એ 'ઉપેક્ષિતા'ની દયા ઉપજતી હતી, પણ છેલ્લા થોડા સમયથી બીજો એક વિચાર આવવા લાગ્યો છે - એવુંયે બન્યું હોયને કે ઉર્મિલાને પોતાને જ રાજમહેલ છોડીને જંગલમાં જવામાં રસ નહોતો.

રામ લક્ષ્મણે અયોધ્યા છોડીને જંગલમાં જવાની તૈયારી કરી, ત્યારે સ્વભાવિક રીતે જ બેઉની પત્નીએ સાથે જવાની ઈચ્છા પ્રગટ કરી હશે, પણ પછી ઉર્મિલાએ શું કામ જીદ છોડી દીધી, એ ઠંડા દિમાગે વિચારી જુઓ. પતિવ્રતા નારીએ પતિનો આદેશ માથે ચઢાવ્યો, એવું માનવાની જરૂર નથી. એમ તો રામ પણ પહેલાં પોતાની સાથે સીતાને લઈ જવા તૈયાર નહોતા અને ત્યારે સીતાએ એમને જે આકરાં વેણ સંભળાવ્યા, રામના પુરુષાતન પર ઘા માર્યા, એનું વર્ણન વાલ્મિક રામાયણમાં છે. ટૂંકમાં, સીતા જીદ કરીને પતિ સાથે ગઈ.

ઉર્મિલા પણ આવું કરી શકી હોત, પણ એણે ન કર્યું. એણે રાજકુમાર સાથે લગ્ન કર્યાં હતાં. હવે અચાનક એ રાજકુમારમાં પ્રચંડ ભાતૃભાવ ઊભરાઈ આવે અને મહેલ છોડીને એ ભાઈની પાછળ જંગલમાં જવાની વાત કરે તો ઉર્મિલાએ શું કામ એની પાછળ ઢસડાવું જોઈએ? કહેવાનો મતલબ એ નહીં કે ઉર્મિલાને લક્ષ્મણ માટે પ્રેમ નહીં હોય કે, પતિના જવાથી એ દુઃખી નહીં થઈ હોય, પરંતુ પોતાની પત્નીને છોડીને જે માણસ મોટા


।। જય ચકેશ્વરી માતા ।। ।। નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ: ।। ।। જય પદ્માવતી માતા ।।

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમ:

# રંગપુર સ્નેહમિલન - આભાર... અનુમોદના...

મુંબઈ, તા. ૯-૦૨-૨૦૧૭

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના રંગપુર ગામના સર્વે ભાઈ-બહેનો તેમજ નિયાણી બહેનોના પરિવારજનો, માનવંતા આમંત્રીત મહેમાનો જોગ !**

દેવ-દેવીઓ, ગુરૂ ભગવંતો અને વડીલોના આશીર્વાદથી શ્રી રંગપુર જૈન સંઘનો સ્નેહમિલન રવિવાર, તા. ૨૯-૦૧-૨૦૧૭ના બહુજ સારી એવી સંખ્યામાં ઉપસ્થીત રહેતા સર્વે ગામવાસીઓએ સ્નેહમિલનને યાદગાર બનાવ્યું. ગામની આન, બાન અને શાન અને શોભા વધારી. ગામનું મુખ્ય હેતુ નવું નિર્માણ અતિથી ભવનમાં મુખ્ય તકતી માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા પરિવારનું નામ આવ્યું ને સ્નેહમીલનમાં ખુશીની લહેર આવી. ફર્નીચરના દાતા તરીકે પાંચ રૂમોના નામો આવ્યા. ચાર નામો અને એક મુખ્ય હોલના દાતાશ્રી તરીકે નામ આવ્યું. ભોજનશાળાના નિભાવ માટે પાંચ નામો જાહેર થયા તથા ફોટો યોજનામાં ૭૫ નામો જાહેર થયા.

ઉછામણીના મહેતાજીના લાભાર્થી પરિવારને દાતાશ્રી પરિવારને તીલક કરવાનું અને આમંત્રણ પત્રીકામાં લીખીતંગ તરીકેનું નામ પણ જાહેર થયું. પાણીનું પરબ સંકુલમાં દાતાશ્રી તરીકેનું નામ જાહેર થયું. અઢાર અભિષેક તેમજ અન્ય ધજાના ચડાવા થયા તેના પણ નામો જાહેર થયા તથા સિધ્ધચક્ર પુજનના લાભાર્થીનું નામ પણ જાહેર થયું. ત્રિહાનીકા મહોત્સવ તા. ૦૫-૦૫-૨૦૧૭ થી તા. ૦૭-૦૫-૨૦૧૭ સુધી ત્રણેય દિવસના સાધર્મિક ભક્તિના દાતાના નામો જાહેર થયા. બહોળી સંખયામાં સર્વેને પધારવા વિનંતી. જે પણ ભાઈ-બહેનો આવવાના હોય તેઓ પોતાના નામો અગાઉથી લખાવી દેવા વિનંતી. તેથી વ્યવસ્થા કરવાની સુગમતા પડે. રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાના હોય અથવા તેમની રહેવાની વ્યવસ્થા શ્રીસંઘને કરવાની હોય તો પોતાનો નામો સંઘમાં જાણ કરવા વિનંતી. ભોજનશાળાના મુખ્ય નામની તકતી માટેના દાતાશ્રીના નામ તેમજ ભોજનશાળા નીભાવ ફંડ માટેના દાતાશ્રીના નામો આવકાર્ય છે તથા ફોટા યોજના માટે નામ લખાવી આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવજો. આવી જ રીતે આપસૌનો સાથ - સહકાર મળતો રહે તેમજ શ્રી ભીંડભંજન દાદાની કૃપા વરસતી રહે.

સ્નેહમીલનમાં આપવામાં આવેલ સંપર્ક ફોર્મ વહેલામાં વહેલી તકે ફોર્મ ભરીને મોકલવા વિનંતી. જેમણે ફોર્મ ન મળ્યા હોય તેઓ નીતીનભાઈ ધરમશી - મો. ૯૮૯૨૯ ૫૦૮૧૪નો સંપક કરી મેળવી લેવા વિનંતી.

**લી. ટ્રસ્ટ મંડળ વતી શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી**

ભાઈની સાથે ચાલવા માંડે, આદર્શ ભાઈ તરીકે પોતાની ઓળખ સાબિત કરવા મથે, એના માટે પત્નીને પ્રેમની સાથે સાથે થોડો અભાવ અને ગુસ્સો પણ ન ઊપજે ? અફકોર્સ, એ રડી તો હશે, દિવસો સુધી દુઃખી પણ થઈ હશે, પરંતુ આખરે તો અયોધ્યાના મહેલમાં રોકાઈ જવાની ચોઈસ એની પોતાની હશે, આવું માની શકાય ?

આવું જ થયું હશે એવો દાવો હું નથી કરતી. એ જ પ્રમાણે ઉર્મિલા ભયાનક દુઃખી જ થઈ હશે. એવી ધારણા બાંધી લેવાનો અધિકાર પણ કોઈને હોઈ શકે ? ટાગોર, મૈથિલીશરણ ગુપ્ત જેવા મહાન સાહિત્યકારોએ ઉર્મિલાની વેદના વિશે જે લખ્યું છે, એ સાહિત્યિક માસ્ટર પીસીસ છે, પરંતુ મારા જેવી સામાન્ય વ્યક્તિને કોઈ વાર આવો ઊંધો વિચાર આવે તો કોને કહેવું ?

વર્તમાન યુગમાં પણ આવી ઉર્મિલાઓ મળે છે. ફરક એટલો કે એ પોતાની ચોઈસ વિશે સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે. થોડા સમય પહેલાં હું રાજસ્થાન ગયેલી ત્યારે એક ભાઈ મળેલા. મૂળ અજમેરના પણ છેલ્લાં લગભગ ત્રીસ વર્ષથી એ યુએસમાં સ્થાયી થયા છે. પત્ની અને બે દીકરાના પરિવાર સાથે ત્યાં સુખી હતા. પાંસઠ વર્ષની વયે એમને ભારત આવીને વૃદ્ધ માતા-પિતા સાથે રહેવાની, એમના છેલ્લા દિવસોમાં સેવા કરવાની ઈચ્છા જાગી ગઈ.

પત્નીએ એમને ભારત જવાની ના ન પાડી, પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે પોતે આટલાં વર્ષોમાં બનાવેલું ઘર અને પરિવાર છોડીને નહીં આવે. એને મોટી ઉંમરે ત્યાં પોતાના ઘરમાં, પોતાનાં પુત્રો, પૌત્રો સાથે રહેવું છે. સાસુ-સસરા અમેરિકા આવીને રહે તો ત્યાં એમની કાળજી લેવાની તૈયારી હતી, પણ સામે પક્ષે પેલા લોકો અજમેર છોડવા તૈયાર નહોતા. માતા-પિતા સાથે પેલા ભાઈ હવે અજમેરમાં છે. પરિવારની આર્થિક સ્થિતિ બહુ સારી છે, એટલે વર્ષે બે-ત્રણ વાર પતિ-પત્ની ભારત અને અમેરિકા વચ્ચે આંટાફેરા કરી લે છે.

આવા કિસ્સા બીજે પણ બનતા હોવાનું સાંભળ્યું છે. ત્યાં મૂળ વાત એ છે કે, સ્ત્રી પોતાનું ઘર અને એથીયે મોટી વાત કહો તો પોતાની સ્વતંત્રતા છોડાવા તૈયાર નથી હોતી અને એમાં ખોટું પણ શું છે ? પતિ ગમે ખુદને ગમતા નિર્ણય લે તો જરૂરી નથી કે પત્નીએ એમાં સહભાગી થવું જ જોઈએ અને એ પણ પોતાના સુખના ભોગે.

આનો અર્થ એવો પણ થાય કે, પતિ આ ફરજ ચૂકે તો પત્નીને એની રીતે જીવવાનો, સુખ શોધવાનો અધિકાર છે. આવા એક યુગલને હું ઓળખું છું, જ્યાં પિસ્તાળીસથીયે ઓછી વય ધરાવતા પતિએ એકાએક જાહેર કર્યું કે એણે બ્રહ્મચર્ય પાળવાનું, સાદું સાત્ત્વિક જીવન જીવવાનું નક્કી કર્યું. છે. આ મહાન વ્રત લેતા પહેલાં એણે પત્નીની ઈચ્છા જાણવાની સમજવાની તસદી નહોતી લીધી. કદાચ એમણે ધાર્યું હશે કે, સહધર્મચારિણી એમની સાથે આવા ધર્મના ગણાતા માર્ગ પર નીકળી પડશે, પરંતુ માંડ ચાલીસની થયેલી સુંદર અને ઉત્સાહી પત્નીને હજી સાંસારિક સુખો પ્રત્યે વૈરાગ્ય નહોતો આવ્યો. થોડો સમય એણે મન મારવાની કોશિશ કરી, પણ પછી ભાંગી પડી. એક દિવસ બીજા પુરુષ સાથે ભાગી ગઈ. લોકો એ સ્ત્રીને બદચલન ગણાવીને ફાવે તેવાં વિધાનો કરે છે. કહે છે કે આવા સાધુ જેવા પુરુષને છોડીને એણે પાપ કર્યું, પણ તમે કહો, આમાં વાંક કોનો ? પતિને સાધુજીવનનો શોખ જાગ્યો હોય, તો પત્નીએ પણ પોતાના બધા શોખ મારી નાખીને સાધ્વી થઈ જવું ?

અને છેલ્લે વાહવાહ કોની થાય છે ? મોટા ભાઈની સાથે રહેવા ખાતર ભૌતિક સુખો ત્યાગીને જંગલમાં જતા રહેનારા, ભાભીને પાછી લાવવા માટે તાકાતવર અસુર સેના સામે લડનારા અને છેવટે ભાઈના કહેવાથી સાવ નજીવી વાતે પ્રાણ ત્યાગી દેનારા લક્ષ્મણની આપણે વાહવાહ કરીએ છીએ, પણ પતિ તરીકે એને દસમાંથી ઝીરો મળે કે નહીં ?

એવી જ રીતે જતી ઉંમરે પત્ની સાથે રહેવાને બદલે હજારો માઈલ દૂર વસેલાં મા-બાપની સેવા કરવા જતો રહે, એ કદાચ આદર્શ પુત્રનું બિરુદ પામે, પણ આદર્શ પતિ કહેવાય ? આવા એક પુરુષની પત્ની કહે છે, 'સારું, મને નિરાંત થઈ. હું હવે મારા ઘરમાં મારી રીતે જીવું છું.' એણે જીવનભર જે પતિનું ધ્યાન રાખ્યું, એ હવે બીજાનું (ભલે મા-બાપનું) ધ્યાન રાખવા માટે દૂર જતો રહે, એનાથી એને થોડો સમય જે લાગણી થઈ હશે, એનું પ્રદર્શન કરવાને બદલે એણે હવે નવા શોખ, નવું મિત્રવર્તુળ શોધી લીધાં છે. બોલો, એણે હવે નવા શોખ, નવું મિત્રવર્તુળ શોધી લીધાં છે. બોલો, એણે કંઈ ખોટું કર્યું ?

તમે જ કહો, આવા લક્ષ્મણ જેવા પતિઓ માટે એમની ઉર્મિલાઓ શું કામ દુઃખી થાય ?''

– **વર્ષા પાઠક**, જન્મભૂમિમાંથી સાભાર


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કું.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed

Originally at Zaveri Bazar since 1976

## શ્રી મુંબઈ મીડટાઉન સંઘ

સંસ્થાએ બેસ્ટ ક્વોલીટીના મસાલાઓનું પડતરભાવે વેંચાણ શનિવાર, તા. ૧૮ માર્ચના સવારે ૧૦ થી ૪ કલાકે માટુંગાના વીરમ મેન્શન ભોંયતળિયે ફ્લેટ નં. ૧માં (પાર્શ્વનાથ દેરાસરની બાજુમાં) રાખ્યું છે. ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ઓર્ડર લખાવનારને પ્રથમ પસંદગી.

સંપર્ક : **સુશીલાબેન ધરમશી** (વડાલા) - **09769111034**
**ખમાબેન નાગડા** (માટુંગા) - **09324013680**

**સૌ જ્ઞાતિજનોને પધારવા આગ્રહભરી વિનંતી.**

લિ. **ખમા નાગડા તથા અશોકભાઈ દંડના જય જિનેન્દ્ર**

વરાડીયા (કચ્છ) ગામે બીરાજમાન દંડ પરિવારના **કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની ૧૧મી પહેડીનું આયોજન** વૈશાખ સુદ ૧૨ **રવિવાર, તા. ૦૭-૦૫-૨૦૧૭**ના કરેલ છે. માતાજીને નમતા આપ સર્વે કુટુંબીજનો તથા નિયાણી બહેનોને સહકુટુંબ માતાજીના પહેડી પ્રસાદમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**તારીખ - સમય : ૭-૦૫-૨૦૧૭ સવારના ૯ થી ૧**
**સ્થળ : શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા,**
(ભૂલ સુધાર) A/C બેંક્વેટ હૉલ, ઘાટકોપર (ઈસ્ટ)

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭ના બપોરના ૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૫-૦૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૬-૦૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

|| જય શ્રી ગજોડવાળા દાદા || || જય શ્રી સચ્ચાઈ મા ||

## શ્રી કચ્છ લાલા ના દંડ પરિવાર ના

## ભુઈમા નો ગંધી બદલાવવાનો કાર્યક્રમ

**તા. ૮-૪-૨૦૧૭, શનિવાર**
**ચૈત્ર સુદ ૧૨**

**સ્થાન :**
**શ્રી ગજોડ દાદાના મુળ સ્થાનકે**

**પ્રણામ, સૌ લાલા દંડ પરિવારોને હાર્દિક નિમંત્રણ,**

ઉપર જણાવેલ શુભ દિવસના સવારના ૮.૦૦ કલાકે ગાંધીધામ સ્ટેશનથી શ્રી ભદ્રેશ્વર મહાતીર્થે નિત્યક્રમ-પૂજા-સેવા-નવકારશી કરી શ્રી ગજોડ દાદાના સ્થાનકે કાર્યક્રમ પૂર્ણ કરી રસ્તામાં શ્રી સુથરી-કોઠારા તીર્થે દર્શન કરતા લાલા તીર્થે કુળદેવ-દેવીના વંદન કરવા પહોંચીશું. ગાંધીધામથી લાલા અને લાલાથી ભુજ સ્ટેશન સુધીની સંપૂર્ણ વ્યવસ્થા (રહેઠાણ-ભોજન-વહાન વગેરેની) રાખવામાં આવેલ છે. તા. ૧૦-૪-૨૦૧૭ના લાલા થી ભૂજ પ્રયાણ.

**લાભાર્થી પરિવાર :** **શ્રીમતી મધુરીબેન નવીનભાઈ દંડ** (વેરાવળ)
**શ્રીમતી મધુરીબેન હિરાચંદ નરશી દંડ**

**આપની આગમનની જાણ ફોન મારફત વહેલી તકે કરશોજી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

**શ્રી પ્રવિણ હિરજી દંડ - 09821844144** **શ્રી સૂર્યકાન્ત હીરજી દંડ - 09322126602**

**જય જિનેન્દ્ર......**

# મણિલાલ ટપાલી

**- ગિરીશ ગણાત્રા**



નાના હતા ત્યારે પાઠ્યપુસ્તકમાં આવતી એક કવિતા વિના સમજ્યા અમે ગોખી મારતા :

**સાંજરે ને સવારે દઈ કાગળો**
**નિત્ય તું માર્ગ તારે સિધાવે,**
**તુજ દીધા પત્રમાં એ બધું શું ભર્યું,**
**કોઈ દી તું ભલા, ઉર લાવે ?**

કવિતાના આરંભમાં એક ટપાલીનું ચિત્ર પણ મૂકેલું. એ ચિત્ર પર વારંવાર અમારી નજર ખેંચાયા કરતી. ખાખી ડગલો ને પાટલૂન, માથે ત્રણ બટનવાળી ટોપી, બગલમાં ટપાલનો થેલો ને હાથમાં ચારપાંચ ટપાલો. હા, આંખે ચશ્માં ને કાન પર ભેરવેલી પેન્સિલ. આ થયું ટપાલીનું ચિત્ર. મારા ગામમાં એ વખતે ગિરજો ટપાલી ક્યારેક અમને પીપરમિંટની ગોળીઓ આપતો એટલે કોઈ પણ ‘ટપાલી’ અમને ભલો ને મજાનો લાગતો. ભલે એની કામગીરીનું કોઈ મહત્વ અમે આંક્યું ન હોય !

પણ જ્યારે ગામ છોડી શહેરની હોસ્ટેલમાં ભણવા ગયા કે એકાએક ટલાપીનું અનેકગણું મહત્વ અમને સમજાવા લાગ્યું ! ઘેરથી આવતી ટપાલમાં ઘરના, સગાં-વ્હાલાંના, ગામનાં સમાચારો જાણવા મન આતુર રહેતું તે આ ટપાલ દ્વારા સંતોષાતું. એમાંયે, મહિનાના આરંભમાં અમે ટપાલીની આતુરતાપૂર્વક રાહ જોતા-ઘેરથી આવતા મનીઓર્ડર માટે. મણિશંકર ટપાલી અમારી હોસ્ટેલમાં નિયમિત ટપાલ દેવા આવતો. એ આવે ત્યારે સારીયે હોસ્ટેલમાં બધાને ખબર પડી જાય; કારણ, એની ખાસિયત એ છાનોમાનો રૂમના બારણા નીચેથી ટપાલ સરકાવીને ચાલ્યો ન જાય. એ દરેક રૂમ પાસે ઊભો રહે ને બૂમ પાડે :

‘રાજુભાઈ, ટપાલ લઈ લેજો, ભઈલા.’

‘પ્રવીણભાઈ, કવર આવ્યું છે હોં... બારણુ ઉઘાડો.’

‘રવીન્દ્રભાઈ.... પ્રાઈમસ પેટાવો ને મૂકો ચાનો કપ... મનીઓર્ડર આવ્યું છે.’ જે જે મનીઓર્ડરની કાગડોળે રાહ જોતા હોય એમને ઉદ્દેશીને બોલે, ‘આવી જશે હોં, ભાઈ, તમે કોલેજમાં ગયા હશો તોયે ત્યાં આવીને આપી જઈશ. ચિંતા ન કરતાં.’

મણિશંકર ટપાલી એટલે આશાનો ધબકતો સૂર. પંચાવન-સત્તાવન વર્ષની ઉંમરે પણ એ ચેતનવંતો લાગે. પરીક્ષા વખતે તો બધાયને ટપારે પણ ખરો-અલ્યાઓ, બરાબર મન દઈને વાંચજો. જમવા-કરવામાં નિયમિત રહેજો ને હવે સિનેમામાં ઓછા આંટાફેરા દેજો. મહિને મહિને આવતા મનીઓર્ડરની કિંમત સમજજો. વડીલોની છત્રછાયા વિનાના પોતાના ગામથી દૂર દૂર ભણવા આવેલાઓ એવા અમને આ મણિશંકર અમારા વડીલ જેવા લાગતા. માત્ર પત્ર-મનીઓર્ડર આપવાને કારણે કે શિખામણો આપવાને લીધે એ અમારા વડીલ નહોતા બની જતા. એમનું ખરૂં મહત્વ અમને અમારી માંદગીમાં સમજાતું ! મણિશંકર માત્ર ટપાલી જ નહોતા, વૈદું પણ જાણતા. એમના ખલતામાં કંઈક ને કંઈ પડીકીઓ-ગોળીઓ પડી જ હોય. એ રાતવરતે હોસ્ટેલમાં આવી પડીકીઓ આપી જાય ને ઘેરથી રાબ, કડું-કરિયાતું કે ખીચડી પણ બનાવીને આપી જાય. અમે ભણ્યા ત્યાં સુધી અમને શહેરના કોઈ ડોક્ટર પાસે જવા દીધા નહોતા. વગર પૈસાના એ અમારા ડોક્ટર હતા ! દિવસે એ ટપાલી અને સાંજે એ ડોક્ટર. રવિવારે પણ એ હોસ્ટેલમાં આવી માંદા વિદ્યાર્થીની ખબર લઈ જાય.

નિયમિતતાનું બીજું નામ મણિશંકર ટપાલી. એમણે ક્યારેક એમની નોકરીમાંથી રજા લીધી હોય એની અમે કલ્પના જ નહોતા કરી શકતા. અઠવાડિયાના સાતેય દિવસ એ ફરજ પર હાજર હોય. પણ, એક દિવસ એવું

*ચાલને માણસમાં થોડું વહાલ વાવી જોઈએ,*
*ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.*

બન્યું કે મણિશંકર ટપાલીને બદલે કોઈ બીજો જ ટપાલી હોસ્ટેલમાં આવી, રૂમના બારણા નીચેથી ટપાલ સરકાવીને ચાલ્યો ગયો. ન કોઈના નામનો પોકાર કે ન બારણે ટકોરા. ભલા, આવી ટપાલ લેવાનો આનંદ પણ શો ? આવી 'ટપાલ' અમારે મન જાણે અસ્વીકૃત બની જતી. સતત ચાર-પાંચ દિવસ આ નવો ટપાલી આવતો રહ્યો એટલે અમારામાંથી એકે એને અટકાવીને પૂછ્યું પણ ખરું - 'મણિકાકા કેમ દેખાતા નથી ? એમની બદલી થઈ છે ?''

'ના.'

'તો ?'

'રજા પર છે.'

'રજા પર ? અને એ મણિકાકા ?'

ન ભૂતો, ન ભવિષ્યતિ જેવી વાત હતી, એટલે પેલા ટપાલીને ફરી ખોતર્યો : 'રજા પર કેમ છે ?'

'એની તમારે શી પંચાત ?' એ અમારા પર બગડ્યો. 'પોસ્ટમેન રજા પર ન જાય ? એને પણ એની હક્કની રજાઓ હોય છે. ઘરબાર હોય છે....'

'એવું નથી....' અમે અચકાતા અચકાતા બોલ્યા, 'આ તો એમ કે... કે... મણિકાકાએ આજ દિવસ સુધી રજા લીધી નથી એટલે... એટલે વળી તમને પૂછી લીધું.'

'તમારો મણિકાકો વિધુર થયા છે.' કહી એણે ચાલતી પકડી.

મણિકાકા વિધુર થયા જાણી અમને ખૂબ દુઃખ થયું. અમારે એમને ઘેર જવું જોઈએ, આશ્વાસનના, દિલસોજીના બે શબ્દો કહેવા જોઈએ એવું વ્યવહાર-ડહાપણ અમારામાં પ્રવેશ્યું. એ રાત્રે અમે થોડા વિદ્યાર્થીઓ એક રૂમમાં મળ્યા અને નક્કી કર્યું કે મણિકાકાને 'મોઢે થવા' જવું જોઈએ. બીજે દિવસે એક સહાધ્યાયી પોસ્ટઓફિસમાં જઈને મણિકાકાના ઘરનું સરનામું લઈ આવ્યો. અમે દસ-બાર વિદ્યાર્થીઓ આજે મણિકાકાને ઘેર ખરખરે ગયા. મણિકાકાના, એમના જેવા ખખડધજ ખોરડાના ફળિયામાં, અમે પ્રવેશ કર્યો ત્યારે ઓસરીના મધ્યભાગમાં લટકતા પચ્ચીસ વોલ્ટના ઝાંખા પ્રકાશમાં મણિકાકા ઉઘાડા દિલે હીંચકા પર બેઠા હતા. માથું મુંડન કરેલું હતું. ડેલીનું બારણું ખખડ્યું કે એ મોટેથી બોલ્યા :

'કોણ ?'

'એ તો અમે... અમે.. હોસ્ટેલના વિદ્યાર્થીઓ....'

'આવો, આવો... આવો અહીં ઓસરીમાં...' કહી અંદરથી બે ચટાઈ લાવ્યા ને હીંચકા આગળ પાથરી, અમે એ ચટાઈ પર, હીંચકા પર ગોઠવાયા કે એ બોલ્યા:

'બોલો, કેમ આવવું થયું ?'

હવે અમારે શો જવાબ આપવો ? આજ દિવસ સુધી ખરખરે જવાનો અમારે કોઈને પ્રસંગ આવ્યો ન હતો એટલે કયા શબ્દોમાં અમારી ભાવના વ્યક્ત કરવી એની વિમાસણમાં અમે પડી ગયા. આખરે અમારામાંથી એક ધીરા અવાજે, શબ્દો ગોઠવતો ગોઠવતો બોલ્યો :

'તમારી જગ્યાએ હોસ્ટેલમાં ટપાલ દેવા એક નવા પોસ્ટમેન આવે છે....'

'ઊંચો, લાંબો ને મૂછોવાળો ને ?'

'હા.'

'મકવાણો. મોહન મકવાણો. સારું ક્રિકેટ રમે છે.'

'એની ખબર નથી પણ એની પાસેથી જાણવા મળ્યું કે... કે... તમારા ઘરેથી.... એટલે કે કાકી.... એમનું અવસાન થયું છે...'

'હત તેરેકી.' ફક્ક કરતાં હસીને મણિશંકર બોલ્યા, 'હું વિચારમાં પડી ગયો કે તમે બધા સોગિયું મોઢું કરીને કેમ બેઠા છો ? મોહન મકવાણે તમને દૂભવ્યા હશે કે શું એવું મેં ધાર્યું. એ છે જરા તીખો.... એટલે... એટલે ત્યારે, તમે બધા ખરખરે આવ્યા છો, એમ ને ?' કહીને એમણે રસોડા તરફ લાંબી ડોક કરી બૂમ મારી :

'વહુ દીકરા.... સાંભળો છો કે ? આ કોલેજના વિદ્યાર્થીઓ મળવા આવ્યા છે.... અડધી અડધી રકાબી બધા માટે ચા મૂકો જોઉં....'

'નહિ, નહિ, કાકા. આજે નહિ. આજે અમે બધા...'

'ખરખરે આવ્યા છો, એમ ને ?' મણિકાકાએ હસીને કહ્યું. 'વહુ મારી મરી ગઈ છે. હશે, બિચારી ટી.બી.થી પીડાતી હતી... છૂટી... પણ... પણ... એનો શોક મને

*બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ,*
*એ રીતે ઘરડાં-ઘરો ખાલી કરાવી જોઈએ.*

હોય, તમને થોડો હોય? તમે તો બધા હસતા-કૂદતા વછેરાઓ.... વહુ બેટા, ચા મૂકજો હોં.... ના, ના, એમ મોઢાં સોગિયાં ન કરો... પિવાય, પિવાય... હું કહું છું ને...'

આવા વહાલસોયા મણિકાકાની હૈયામાં કોતરાઈ ગયેલી છબીને ભૂલવા મથીએ તોયે ભૂલાય ખરી? પોતાની પત્નીના અવસાનને ઘડીભર વિસારી અમને હસતા-રમતા જોવા, એમણે જોડે તે દિવસે ચા પણ પીધી હતી! પણ મણિકાકાની આટલી ઓળખાણ અમારે માટે હજુ પણ અપૂરતી ગણાય. એમની સાચી ઓળખાણ એક દિવસે અમને થઈ ગઈ.

રૂમ નંબર ૩૭માં રહેતો અમારો એક સહાધ્યાયી કાંતિલાલ સાવલિયા જરા નબળી સ્થિતિનો. એના પિતા ગામડે કરિયાણાની નાનકડી હાટડી ચલાવે. ગામડાગામની નાની દુકાનનો વેપલો બહુ મોટો ન હોય. ચાર આનાની મોરસ, એક આનાની ચાની પડીકી, બે પૈસાનો ગંધારો વજ, બે પળી તેલ કે ચાર પળી ઘાસલેટનો ગલ્લો મોટો ન કહેવાય. છતાંયે દીકરો ભણીગણીને નોકરીએ પડે ને માસિક બેઠી આવક ઘેર આવે એ આશાએ પેટે પાટા બાંધીને પણ એને ભણાવતો હતો અને મહિને મનીઓર્ડર કરતો રહેતો. પણ, ઉપરાઉપરી બબ્બે મહિના મનીઓર્ડર ન આવ્યું. ટપાલ ન આવી એટલે સાવલિયા મૂંઝાયો. દરરોજ એ મણિકાકાને પૂછે:

'મારું મનીઓર્ડર છે?'

'ના' પાડતાં મણિકાકાનો જીવ કપાતો પણ બિચારા કરે શું? એટલે આશ્વાસન આપે - 'હશે, વહેલું-મોડું થઈ જાય. મોટી ઉંમરના માણસોની યાદશક્તિ ઘસાતી હોય છે. એટલે ભૂલી જવાયું હશે. પણ આવશે. એકાદ પત્તું લખીને પૂછાવી તો જો, ભાઈ....' પણ ત્રીજે મહિને પણ મનીઓર્ડર ન આવ્યું. સાવલિયાને પરીક્ષા ફી ભરવાની હતી. ન ભરે તો પરીક્ષામાં બેસાય પણ નહિ. મેસવાળો તો ભોજન બિલના પૈસાની કડક ઉઘરાણી કરતો હતો ને....'

એક દહાડો મણિકાકા એની રૂમ પર ટકોરા મારી બોલ્યા:'કાંતિલાલ સાવલિયા... તમારું મનીઓર્ડર...'

એ દિવસે સાવલિયાએ મનીઓર્ડર ફોર્મ પર સહી કરી, મણિકાકાના હાથમાંથી પૈસા લેતાં લેતાં જે આનંદ વ્યક્ત કર્યો હતો એવી આનંદમયી મુખમુદ્રા ભાગ્યે જ જોવા મળે. પરીક્ષા પહેલાં સાવલિયા જ્યારે ગામડે ગયો ત્યારે જ એને ખબર પડી કે એના ઘરેથી તો કોઈએ મનીઓર્ડર કર્યું જ નહોતું....

'બેટા, તારી બાની માંદગીમાં બધા પૈસા ખર્ચાઈ ગયા, એને હોસ્પિટલ લઈ જવી પડી... બેટા, ક્યાંથી લાવું પૈસા? તમારા પત્તાં આવે, પણ શું મોઢું લઈને લખું?' એના પિતા આ બધું બોલતા હતા, ત્યારે કાંતિલાલની નજર સામે મણિકાકા દેખાતા હતા. સાવલિયા પરીક્ષા આપવા હોસ્ટેલમાં આવ્યો અને મણિકાકાને રૂમના પલંગ પર બેસાડી પૂછ્યું કે :

'કાકા, સાચું બોલજો. આ મનીઓર્ડર તમે કર્યું હતું ને!'

તમે માનો છો કે મણિકાકાના મુખેથી એનો સાચો જવાબ મળે? કાંતિલાલે બહુ મનાવ્યા ત્યારે એ હસીને બોલ્યા :'જો ભાઈ, હવે હું આજકાલમાં રિટાયર્ડ થવાનો. આ ઉંમરે તુ સોગંદ આપીને મને વાત કહેવરાવવા માગે છે તો હું એટલું કહીશ કે માણસ રિટાયર્ડ થાય છે, ભગવાન ક્યારેય નહિ. બસ, ઈશ્વર પર ભરોસો રાખીને જિંદગી જીવજો...'

મણિકાકા નોકરીમાંથી રિટાયર્ડ થઈ ગયા, પણ પોસ્ટ ઓફિસમાંથી એ ન છૂટ્યા તે ન જ છૂટ્યા. એમણે પોસ્ટ ઓફિસની ફૂટપાથ પરનો એક ખૂણો રોકી દીધો. દરરોજ સવારે ત્રણ-ચાર કલાક ત્યાં એક પેડ રાખીને બેસે. કોઈ અભણને કાગળ લખાવવો હોય તો લખી આપે, મનીઓર્ડરનું ફોર્મ ભરી આપે, કાગળ વાંચી આપે ને કયા કાગળ પર કેટલી ટિકિટો લગાડવી એની માહિતી આપે. બધુંય મફત. કોઈ પૂછે કે કાકા, આ કરવાનો 'ચારજ' શું?' તો મણિકાકા હસીને કહે - 'ઘેર જઈને પાંચ વખત શ્રીરામ નામ લેજો. એ મારો ચાર્જ...' અત્યારે તો મણિકાકા નથી, પણ ક્યારેક એ પોસ્ટ ઓફિસ પાસેથી પસાર થવાનું થાય ને ખાલી ખૂણો જોવાય કે મનોમન મુખેથી શ્રીરામનું નામ નીકળી જાય છે.

* * *

*કેવી રીતે જળ અહીં આંસુ બને તે જાણવા,*
*વહાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.*
*- ગૌરાંગ ઠાકર*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**મોમોયા પરિવાર - વરાડીયાના કુળદેવીની પહેડી**

શ્રી મોમાયા પરિવાર - વરાડીયાના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ૨૪મી સમુહ પહેડીનું આયોજન તા. ૨૯/૦૧/૨૦૧૭ ના રોજ સારસ્વત વાડી, મુલુંડ ખાતે કરવામાં આવ્યું. તેડવાનો લાભ શ્રી કુંવરજી આણંદજી મોમાયા પરિવારે લીધેલ. પહેડી દરમ્યાન વિવિધ ચડાવાઓ લેવામાં આવેલ. શ્રી બીપીનભાઈ ગોર - સ્વર સરીતા ગ્રુપે ભાવનામાં રમઝટ જમાવેલ. નવકારશી તથા મહાપ્રસાદના લાભ શ્રી ભલારા કેટરર્સના શ્રી દિપેશ ચીમનલાલ મોમાયાએ લીધેલ.

શ્રી વરાડીયા સ્થાનકે ૧૯મી ધજા ચડાવવામાં આવશે જેનો લાભ લીલાવંતી ધનજી નરશી મોમાયાએ લીધેલ. મુંબઈના તથા બહારગામથી પધારેલા ભાવિકો તથા આમંત્રીત મહેમાનો સહિત લગભગ ૪૫૦ જેટલા ભાવિકો પહેડીમાં હાજર રહી પહેડી પ્રસાદનો લાભ લીધો.

**કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબનો તામિલનાડુ પ્રવાસ**

કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબના ૩૨ સભ્યો તા. ૧૩-૧-૨૦૧૭ થી ૨૫-૧-૨૦૧૭ ૧૩ દિવસના તામિલનાડુના યાત્રા પ્રવાસે ગયા હતા જેમાં તેમણે રામેશ્વરમ, મદુરાઈ, થાંજાપુર, કુંભકોનમ, પોંડીચેરી, બેંગલોર, મહાબલીપુરમ, લક્ષ્મીતીર્થ આદિ સ્થળોની મુલાકાત લીધી હતી. રામેશ્વરમાં રામસેતુ, કોડાઈ કૈનલમાં સરોવરમાં બોટીંગ, મદુરાઈ મિનાક્ષી મંદિરમાં દર્શન, મદુરાઈ મહેલમાં લાઈટ એન્ડ સાઉંડ વગેરેથી ટ્રીપમા અનેરો આનંદ આવ્યો. શ્રીમતી દિનાબેન વિકમશીએ યથાઅવકાશ હાઉઝી રમાડી. રમેશભાઈ તથા શ્રીમતી દમયંતીબેન ભાટેએ જૂના ગીતો ગાઈ યાત્રાને યાદગાર બનાવી હતી.

**કોઠારા જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ**

અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જિનાલયનાં ઉંચા શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ.

મૂળનાયક શાંતિનાશ પ્રભુજીની ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર, આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો વીરચંદ માણેકજી મૈશેરી પરિવાર તથા મુનિસુવ્રતસ્વામિપ્રભુજીની ધ્વજાનો લાભ હીરજી નરશીં લોડાયા પરિવારે લીધો હતો. આ પ્રસંગે પૂજામાં સંગીતકાર રફીક ઝેરીયાએ રમઝટ જમાવી હતી. જ્યારે ધ્વજારોહણની શાસ્ત્રોક્તવિધિ જયાશંકર મારાજે કરાવી હતી.

આ પ્રસંગે મુરજીભાઈ શાહ, હીરાલાલ જીવાણી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, રમણિક શાહનંદ, મુલચંદ મુનવર, ગુલાબ મોતા, પ્રદિપ મુનવર, દામજી નાગડા તથા સમાજવાસીઓ અને આજુ-બાજુનાં ગામવાસીઓ ખાસ ઉપસ્થિત હતા. ખેતશીં દેવશીં દંડ પરિવાર દ્વારા સ્વામિવાત્સલ્ય યોજાયું હતું. આભાર વિધી પ્રબોધ મુનવરે કરેલ.

**અધિષ્ઠીકા દેવી શ્રી મહાકાલીમાતાની ભાવના**

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેંદ્રસાગર સૂરીશ્વરજી શ્રી કચ્છી દસા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ ધુળે ના કાયમી પ્રમુખ શ્રી યતીવર્ય પ.પૂ. મોતીસાગરજી મ.સા.ના જન્મ દિવસ (વસંતપંચમી) પ્રસંગે સંસ્થાવતી અધિષ્ઠીકા દેવી શ્રી મહાકાલીમાતાની ભાવના તા. ૦૧-૦૨-૨૦૧૭ વાર બુધવારના રાત્રે સંસ્થાના મકાનમાં રાખવામાં આવેલ.

**હૈદરાબાદથી કચ્છની ટ્રેન માટે નિવદેન**

પ્રાણીમિત્ર રમેશ જાગીરદાર મેમોરીયલ ફાઉન્ડેશનના પ્રતિનિધીઓ નવી દિલ્હીમાં વિશેષ અધિકારી જે. શ્રીનિવાસને મળીને હૈદરાબાદથી કચ્છ અને બિકાનેરની રેલ સુવિધા વધારવા નિવદેન આપ્યું હતું.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ
**Iris** Banquette

**અંગત અને સંસ્થાઓના નાના મોટા પ્રસંગો માટે**
**૧૦૦ થી ૪૫૦ જણની હોલ - ભોજનની વ્યવસ્થા**
**એકદમ વ્યાજબી ભાવે કરી આપશું.**

**સંપર્ક : અરવિંદ દંડ (બાયઠ) - 9892036390**
**જયેશ ડાઘા (વરાડીયા) - 9702144031 / 25905257 / 67988758**
સરનામું : પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરીતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

### મિડટાઉન સંઘની એલીફન્ટા ટ્રીપ

શ્રી ક.દ.ઓ. મુંબઈ મીડટાઉન સંઘે તા. ૧૫-૧-૨૦૧૭ના રવિવારે એલિફન્ટાની આશરે ૭૦૦ વરસ જૂની ગુફાની ટ્રીપનું આયોજન કર્યું હતું.

આવતા જતા દરેક વખતે સવા કલાકની બોટમાં દરિયાઈ સફર, મિની ટ્રેન સફર અને પગથીયા ચડવા વગેરેએ પર્યટનને વધારે રસપ્રદ બનાવ્યું. આયોજકોએ રમતગમત રમાડી મજા કરાવી આયોજન માટે ખમા નાગડા, મીના લોડાયા અને દર્શના ધરમશીએ ખાસ જહેમત લીધી હતી. પર્યટકોએ શૉપીંગનો પણ લાભ લીધો હતો.

## શ્રી જશાપર ગામની મિટીંગ

આથી સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ જણાવવાનું કે **તા. ૨૬-૨-૨૦૧૭ને વાર રવિવારના** સામાન્ય મિટીંગ મુલુંડ મધે રાખેલ છે તો સર્વેને પધારવા વિનંતી.

**સમય : ૪ થી ૭ વાગ્યાસુધી**

**અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.**

**મુખ્ય એજંડા :**

૧) ગત મિટીંગની કાર્યવાહી નોંધનું વાંચનને બહાલી.
૨) ૨૦૧૬ના ચાર્તુમાસમાં થયેલ ખર્ચા વિશે ચર્ચા.
૩) દેરાસરના રિપેરીંગ માટે ચર્ચા
૪) સ્થાનિકે મહાજનશ્રીની માલ મિલકત બાબત ચર્ચા.
૫) કમિટી વધારવા બાબતે ચર્ચા.
૬) પ્રમુખશ્રીની રજુઆત.

**સ્થળ : 'દેવપૂંજ હૉલ',**
વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**સંપર્ક : 09869121666 / 0960465666**
લિ. **કે.ડી.ઓ. જૈન જશાપર મહાજન વતી ટ્રસ્ટીગણ**

### જિતેન્દ્ર જ્યોર્તિધામનો ધ્વજા મહોત્સવ





કચ્છ ભુજપુરના જિતેન્દ્ર જ્યોર્તિધામનો ધ્વજા મહોત્સવ બુધવાર, તા. ૮-૨-૨૦૧૭ના યતિશ્રી મોતાસાગરજી મ.સા.ના માર્ગદર્શનમાં ભાવપૂર્વક યોજાયો હતો. ભલારા દાદાના ભૂવા શ્રી કિશોરભાઈ સાંયા, શ્રી હર્ષવર્ધન મોતીસાગરજી અને પુજારી દિનેશભાઈના માર્ગદર્શનમાં ભક્તોએ મુખ્ય મંદિર તેમજ શ્રી ઘંટાકર્ણમહાવીર, શ્રી પદ્માવતી માતા, શ્રી અંબીકા માતા, શ્રી મહાલક્ષ્મી માતાજી દેરીઓ પર ધ્વજા ચઢાવી હતી.



યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

બલ્ક લીક્વીડ એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ એસોસીએશનના પ્રેસીડન્ટ શ્રી જયંતભાઈ લાપસીયાને આંતરરાષ્ટ્રીય કસ્ટમ દિને પ્રતિષ્ઠિત મેરીટ એવોર્ડ મેળવવા બદલ હાર્દિક અભિનંદન.
**- ચિમન મોતા • તન-મન પરિવાર**

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની**
**★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

| **નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) |
|---|

**હીતેન્દ્ર રતીલાલ મોતા** (PS 4992)
૨૩, શ્રી સાઈ કૃપા ડ્યુપ્લેક્સ, ઝંડા ચોક, કિશન વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૯.

**નિતીન પદમશી શાહ (ડાઘા)** (PS 3227)
એ-૧૫૦૧, સ્કાયલાઈન સ્પાર્કલ, ૧૫મે માળે, ઈએમઆઈ ક્રેન કં. સામે, સુભાષ રોડ, નાહુર (વે.), ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો: ૯૦૦૪૩ ૯૧૪૧૨

**તુષાર ભરત લોડાયા** (PS 6424)
બી/૩૦, ગાયત્રી દર્શન, ૪થે માળે, ગણેશ નગર, અપના બજાર પાસે, માનપાડા રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૮૦૮૦૧ ૩૧૬૧૧

**તારાચંદ શામજી વિકમશી** (PS 2734)
એલઆઈજી ૧૩૯, મ્હાડા કૉલોની, કોડ નં. ૧૧૦, નવરે નગર રોડ, રોયલ પાર્કની પાછળ, મોરીવલી પાડા, અંબરનાથ (ઈસ્ટ) - ૪૨૧ ૫૦૧.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૭-૧૬ | કલવા | હૃદય, રૂપાલી સમીર હુકમચંદ ધરમશી | - | પુત્ર |
| ૧૨-૧૧-૧૬ | ઉંઝા | દીયા, વિધી હર્ષલ શૈલેશ દૌલત (ધુલ્લા) | સુથરી | પુત્રી |
| ૧૮-૧૨-૧૬ | ભરૂચ | માન્યા, પાયલ હિતેશ કાનજી (ધૂમ) નાગડા | નલીયા | પુત્રી |
| ૨૮-૧૨-૧૬ | મસ્જીદ બંદર | ધીર, દિપ્તી કિરીટ લોડાયા | તેરા | પુત્ર |
| ૨૦-૦૧-૧૭ | ડોમ્બીવલી | ખુશી, મુક્તા ભાવિન મહેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૭ | મુલુંડ | કરણ દીપક માણેકજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | હૈદ્રાબાદ | જુહી સંજયકુમાર કેશવજી મોતા | તેરા | ૨૪ |
| ૦૯-૦૨-૧૭ | ડોમ્બીવલી | ડૉ. હિતેન મહેન્દ્ર કલ્યાણજી ખેતશી નાગડા | તેરા | ૨૯ |
| | નાંદેડ | ભુમિકા મહેન્દ્ર પદમશી આણંદજી મુનવર | જખૌ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૧૭ | ડોમ્બીવલી | પ્રીતેશ લહેરચંદ શામજી ગાલા | તેરા | ૩૧ |
| | ડોમ્બીવલી | ઉર્મી ચેતન શાંતિલાલ મોમાયા | નલિયા | ૨૬ |
| ૦૫-૦૨-૧૭ | નાંદેડ | વિશાલ કિર્તીકુમાર વિશનજી લોડાયા | મોટી ખાવડી | ૩૦ |
| | ડોમ્બીવલી | દામિની ચંદુલાલ માલદે | દલતુંગી | ૨૪ |
| ૦૫-૦૨-૧૭ | ડોમ્બીવલી | રાહુલ પ્રકાશ આણંદજી કુરૂવા | ગોધરા | ૨૯ |
| | ભાંડુપ | નેહલ સુરેશ મેઘજી લોડાયા | સુજાપર | ૨૪ |
| ૦૫-૦૨-૧૭ | મુલુંડ | હેમંત નિતીન નેણશી ધરમશી | સુથરી | ૩૦ |
| | કામોઠે | રૂપાલી યોગેશ સોમચંદ કુરૂવા | ગોધરા | ૨૬ |
| ૦૫-૦૨-૧૭ | ખિરકિયા | વિરલ કિરીટભાઈ ચંદુલાલ નાગડા | લાલા | ૨૮ |
| | અમદાવાદ | સેજલ મુલચંદ લાલજી મોમાયા | સાંયરા | ૨૬ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૭ | ડોમ્બીવલી | પ્રતીક રાજેશ રાયચંદ જીવાણી | જખૌ | ૨૭ |
| | મુલુંડ | માનસી પરેશભાઈ બાબુભાઈ શાહ | થાણાદેવડી | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૨-૧૭ | ડોમ્બીવલી | મીનલ અનિલ જીવરાજ લખમશી દંડ | સેવક ભરૂડીયા | ૪૯ |
| ૦૫-૦૨-૧૭ | આદીપુર | પ્રભા વિશનજી છેડા | સુથરી | ૭૨ |
| ૦૯-૦૨-૧૭ | અમદાવાદ | મેનાબેન મણીલાલ ધરમશી | મોટી ખાવડી | ૮૯ |
| ૧૦-૦૨-૧૭ | ઘાટકોપર | ચીમનલાલ કલ્યાણજી ધરમશી | સુથરી | ૭૨ |
| ૧૦-૦૨-૧૭ | મુલુંડ | ધનજી વિશનજી લોડાયા | મોટી સિંધોડી | ૯૦ |
| ૧૧-૦૨-૧૭ | ઠાકુર્લી | સુરેશ લખમશી નરશી લુઠીયા | નાની ખાવડી/બાયઠ | ૬૭ |

|| શ્રી આદિનાથાય નમઃ ||

# શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન

## સહર્ષ જાહેર કરે છે

## ગામમાં એક વિશેષ સુવિધા



## અદ્યતન સેનેટોરીયમ

આપણા મહાજન સભ્યો ગામમાં વધુ પ્રમાણમાં પધારે અને બને તેટલા વધુ દિવસો માદરે વતન સાંયરામાં ગાળે એવા આપણા મહાજનના નિરનિરાળા પ્રયોગો હેઠળ એક નવા ક્ષેત્રે એક નવું આકર્ષણ ગામમાં આકાર લઈ રહ્યું છે.

વ્યાજબી દરોએ સાંયરાવાસી જનોને (અને જગા ખાલી હોય ત્યારે અન્ય K.D.O. જનોને સુધ્ધાં) માસિક કે પખવાડિક ધોરણે રહેવા તેમજ પોતાની અલગ રસોઈ કે ચા-નાસ્તો કરવાની ઈચ્છા હોય તેઓ માટે રસોડાના સુવિધા (ગૅસ, વાસણો, વગેરે) સહ ફુલ્લી ફર્નીસ્ડ સગવડોવાળું નવું સેનેટોરીયમ હાલ આપણા અતિથિગૃહ-ભોજનાલય નજીક (સામેના માર્ગ પર) તૈયાર થઈ રહ્યું છે. જ્યાં સાંયરાવાસીઓ આરામથી લાંબો સમય વિતાવી શકશે - ટૂંકા ખર્ચમાં નૈસર્ગિક વાતાવરણમાં હવાફેરનો લાભ લઈ શકશે તથા ''દાદા''ના ચરણોમાં પૂરી આરાધના કરી શકશે.

આ ઈમારતના એક ભાગમાં મહાજનના કર્મચારીઓ માટે ત્રણ રૂમો પણ અલાયદા રાખ્યા છે. જ્યારે સેનેટોરીયમ માટે બે મોટા 1 BHK ફ્લેટ અને એક મધ્યમ કદના સ્ટૂડિઓ એપાર્ટમેંટનું પ્રથમ ચરણે આયોજન કરવામાં આવ્યું છે.

**ઉપરોક્ત ખર્ચને પહોંચી વળવા મહાજન નીચે મુજબના નકરાની યોજના જાહેર કરે છે :**

**ગ્રેનાઈટની તક્તિ ઉપર સુવર્ણ અક્ષરોથી દ્વાર ઉપર દાતા પરિવારનું નામ મઢવાની શરતે :**

૧) **1 BHK ફ્લેટનો નકરો** ............................ **રૂા. ત્રણ લાખ × ૨**

૨) **મધ્યમ કદના સ્ટૂડિયો એપાર્ટમેન્ટનો નકરો** ........... **રૂા. બે લાખ × ૧**

૩) **કર્મચારીઓના રૂમ (સ્ટૂડિયો)નો નકરો** ............... **રૂા. દોઢ લાખ × ૩**

(ઉપરોક્ત બધા માટે ઓફરો તા. ૩૧મી માર્ચ ૨૦૧૭ પહેલાં મહાજનશ્રીની ઓફીસે મોકલશો.)

૪) **ઈમારતનું નામકરણ : મુખ્ય ગેટ ઉપર દાતાશ્રીના પરિવારનું પુરૂં નામ તથા ઈમારત ઉપર ઈમારતનું નામ**

(દાતાશ્રીના ટૂંકા નામે - જેમકે દા.ત. શ્રી ક.દ.ઓ. સાંયરા મહાજન સંચાલિત ............ સેનેટોરીયમ)

આના નકરા માટે દાતાઓ પાસેથી બોલીઓ દ્વારા સુયોગ્ય ઓફર આપણા આગામી સ્નેહમિલનમાં (સાંયરા વિકાસ મંડળ યોજીત) **રવિવાર, તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૭**ની સમી સાંજે બોલાવવામાં આવશે જે માટે ઓછામાં ઓછો નકરો **રૂા. ૧૧ (અગીયાર) લાખ**નો ઠરાવવામાં આવ્યો છે.

**સાંયરા મહાજન તરફથી સર્વ સેવાભાવી દાતાશ્રીઓને આનો લાભ ઝડપવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.**

બહારગામવાસી જનો આ સમારંભમાં હાજર ન રહેનાર હોય તો તેઓ તા. ૧૯મી ફેબ્રુઆરીના સાંજના આશરે સાત વાગ્યા પહેલાં ફોન/મોબાઈલ દ્વારા પોતાની ઈચ્છા અમને મોબાઈલ નંબર **(09969725361 / 09833131359 / 09324011105)** ઉપર જણાવે જેથી બોલીઓ ફાઈનલ કરતા પહેલા અમે તેમનો સમયસર સંપર્ક કરી શકીએ.

લિ. **શ્રી ક.દ.ઓ. સાંયરા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

**મહાજનની ઓફીસનો સંપર્ક :**

C/o. **વી.આર. મોમાયા ઓડિટર્સ,** ૧૪૮ મહાત્મા ગાંધી રોડ, આર્મી એન્ડ નેવી બિલ્ડીંગ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

અથવા C/o. **મુલજી રતનશીની કું.,** મુલરત્ન, ૩૩૪ - નરસી નાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (13-02-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

।। શ્રી આદિનાથાય નમઃ ।।

## શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

# શ્રી સાંયરા વિકાસ મંડળ

(રજી. નં. ગુજ/૩૪૬) C/o. મુલ રત્ન, ૩૩૪ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

સાંયરા રત્ન



શેઠશ્રી તરૂણ રતનશી કુંવરજી લોડાયા

મુમુક્ષુ કુ. ભાવીબેન હિના રાજેન લોડાયા

## પ્રિય સાંયરાવાસી,

આપણું
**૨૦મું સ્નેહમિલનનો**
ભપકેદાર તેમજ જાજરમાન કાર્યક્રમ
**રવિવાર, તા. ૧૯-૦૨-૨૦૧૭ના**
**બપોરે ૪.૦૦ ક. રાખેલ છે.**
આ રંગારંગ કાર્યક્રમમાં
સહુ ગામવાસીઓને સહ પરિવાર પધારવાનું
**ભાવભર્યું આમંત્રણ છે.**

## કાર્યક્રમના મુખ્ય આકર્ષણો

★ શેઠશ્રી તરૂણ રતનશી કુંવરજી લોડાયાને 'સાંયરા રત્ન' ખિતાબથી નવાજવામાં આવશે.
★ મુમુક્ષુ કુ. ભાવિ હિના રાજેન લોડાયાનું બહુમાન.
★ ૧૩૯મી ધજા મહોત્સવના ચડાવા.
★ સાંયરા સેનેટોરિયમના રૂમના નકરા તથા સંપૂર્ણ સંકુલના નામકરણનો ચડાવો.
★ લાઈવ ઓર્કેસ્ટ્રા, હાસ્ય કલાકાર અને ડીજે સાથે ધમાકેદાર સાંસ્કૃતિક કાર્યક્રમ
★ "I ♥ Sayera" સેલ્ફી પોઈંટ

## શુભ સ્થળ

ફ્રેન્ડ્સ કો.ઓપ. સ્કૂલ બેંક્વેટ હોલ,
૮મે માળે, વસંત ઓસ્કારની સામે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે.), મુંબઈ -૮૦.

UPASANA - 9820167767

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,